COPY


# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 455

તા: ૦૪.૦૧.૨૦૧૮

શ્રી સૌરભભાઈ પટેલ,
માનનિય મંત્રીશ્રી -
ઊર્જા મંત્રાલય,
સર્વણિમ સંકુલ - ૧,
ગાંધીનગર

વિષય: ગુજરાત સરકારની બેટરી સંચાલીત દ્વિ-ચક્રિ વાહનો માટેની સબસીડીનો સમસ્ત ગુજરાત રાજ્યમાં અમલ બાબત

માનનિયશ્રી,

સવિનય જણાવવાનું કે જ્યારે આપણી કેન્દ્ર અને રાજ્ય સરકાર ઇલેક્ટ્રીક વાહનનાં વપરાશ વધારવા પ્રયત્નશીલ છે ત્યારે આ સંદર્ભે દ્વિ-ચક્રિ ઇલેક્ટ્રીક વાહન માટે નીચે મુજબનાં સૂચનો આપની વિચારણા માટે રજૂ કરીએ છીએ.

હાલમાં દ્વિ-ચક્રિ વાહનોનાં ઉત્પાદકોને કેન્દ્ર સરકાર દ્વારા સબસીડી આપવામાં આવે છે. જ્યારે ગુજરાત સરકાર સબસીડી ફક્ત અમુક શહેરોનાં વિદ્યાર્થીઓ પૂરતી જ મર્યાદિત ધોરણે આપે છે. આથી દ્વિ-ચક્રિ ઇલેક્ટ્રીક વાહનોનો લાભ ગુજરાતનાં ગણ્યા ગાંઠ્યાં શહેરો પૂરતો મર્યાદિત થાય છે. ખરેખર તો ગુજરાત સરકારે સબસીડીનો લાભ સમસ્ત ગુજરાત રાજ્યમાં અમલી કરવો જોઇએ. જેથી વિદ્યાર્થી અને સ્ત્રીઓ બેટરી સંચાલીત દ્વિ-ચક્રી વાહનોનાં વપરાશ તરફ પ્રોત્સાહિત થાય. આથી ગુજરાત રાજ્યમાં પર્યાવરણની સમસ્યા ઉપર પણ અંકુશ મેળવવાનો લાભ થશે.

ગુજરાત સરકાર સબસીડીનો લાભ જો "સ્માર્ટ સીટી" પૂરતો જ મર્યાદિત રાખવા મગતી હોય તો ગાંધીધામ - કચ્છનાં લોકોને પણ આ સબસીડીનો લાભ આપવો જોઇએ કારણકે કેન્દ્ર સરકારે ગાંધીધામ અને તેના આજુબાજુનાં વિસ્તારમાં "સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ પોર્ટ સીટી" પ્રકલ્પનાં અમલની જવબદારી દિનદયાળ પોર્ટ ટ્રસ્ટને આપેલ છે. આ અંર્તગત પણ અંહિના લોકો આ સબસીડી મેળવવાનો અધિકાર ધરાવે છે.

અમોને આશા છે કે ગુજરાત સરકાર આ સંદર્ભે સમયસર નિર્ણય લઈ ગુજરાતની સમસ્ત જનતાને દ્વિ-ચક્રી ઇલેક્ટ્રીક વાહનોનાં વપરાશ કરવા માટે પ્રોત્સાહિત કરવા સબસીડીનો લાભ સમસ્ત ગુજરાતમાં અમલી કરશે એજ અપેક્ષા સહ....

આભાર....

આપનો વિશ્વાસુ,

મુરલીધર જગાણી
માનદ મંત્રી

નકલ રવાના: ૧) ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી, ૪થો માળ, બ્લોક નં ૧૧-૧૨, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર
૨) એમ.વી.ફીનલેસ, ગાંધીધામ